પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## :-જાહેરનામું -:

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામુ/ ૭૨ /૨૦૨૨ તા-૨૬/૦૭/૨૦૨૨

વંચાણે લીધા:-(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧, અમદાવાદ શહેર નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આર.બી/૪૧૨૫/૨૦૨૨ તા.૨૩/૦૭/૨૦૨૨ તથા;
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪, અમદાવાદ શહેર નાઓના જાવક પત્ર ક્રમાંક: જી/૭૨૫/ઝોન-૪/આર.બી/૨૭૮૭/૨૦૨૨. તા.૨૪/૦૭/૨૦૨૨ આધારે.

અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુપ્તી/ બેઝબોલ/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/૧૦૮૨/ એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ, અનુસંધાને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૨૭/૦૭/૨૦૨૨ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૦/૦૮/૨૦૨૨ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું:

## -: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઇપણ જાતના ચપ્પુ જે અઢી ઇંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવાં ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઇજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(ખ) કોઇપણ ક્ષયધર્મી ( શરીરને હાનિકારક ) અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(છ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠા નો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની,દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે .

-: જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૨૫/૦૭/૨૦૨૨ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.
(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.
(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ) અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ